For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડોદરા ભાજપમાં ‘પત્રિકા કાંડ’ની આગ ફરી ભભૂકી: અલ્પેશ લિંબાચીયાની વાપસીથી પૂર્વ મેયર લાલઘૂમ

# નિલેશ રાઠોડની ખુલ્લી ચીમકી “માફી માંગશે તો પણ માફ નહીં કરું, જરૂર પડી તો રાજીનામું આપી દઈશ”

**લિંબાચીયાની** વાપસી પાછળ ‘મોટા માથા’ હોવાનો આક્ષેપ, સમય આવશે ત્યારે તમામ ‘ચિઠ્ઠા’ ખોલવાની તૈયારી

(પ્રતિનિધિ) વડોદરા તા.4

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે વડોદરા ભાજપમાં ભડકો થયો છે. અઢી વર્ષ પૂર્વેના ચર્ચિત ‘પત્રિકા કાંડ’માં સસ્પેન્ડ થયેલા અલ્પેશ લિંબાચીયાની પક્ષમાં વાપસી થતાં જ પૂર્વ મેયર નિલેશ રાઠોડે બગાવતી તેવર અપનાવ્યા છે. રાઠોડે માત્ર નારાજગી જ વ્યક્ત નથી કરી, પરંતુ પક્ષના મોવડીમંડળને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી દીધી છે કે જો સ્થિતિ નહીં સુધરે તો તેઓ જલદ પગલાં ભરશે.

પૂર્વ મેયર નિલેશ રાઠોડે આક્રમક વલણ અપનાવતા જણાવ્યું હતું કે, “પક્ષમાં કોને લેવા તે સંગઠનનો નિર્ણય હોઈ શકે, પણ લિંબાચીયાએ જે રીતે છરી હલાવી છે તે ભૂલી શકાય તેમ નથી. જો તે મારી પાસે માફી માંગવા આવશે તો પણ હું તેને ક્યારેય માફ નહીં કરું.” તેમણે વધુમાં ઉમેર્યું કે, લિંબાચીયાની વાપસી પાછળ તેમના કોઈ ‘ગુરુ’ કે ‘ગોડફાધર’નો હાથ છે, પરંતુ સમય આવ્યે લિંબાચીયાના તમામ કાળા ચિઠ્ઠા પ્રદેશ નેતાગીરી સમક્ષ ખુલ્લા પાડવામાં આવશે.

સૌથી મોટો વિવાદ વોર્ડ નંબર-15ની ટિકિટને લઈને છે. નિલેશ રાઠોડે સ્પષ્ટ કર્યું છે કે, લિંબાચીયાની વાપસી અંગે તેમની સાથે કોઈ ચર્ચા કરવામાં આવી નથી. તેમણે ચીમકી ઉચ્ચારી છે કે, “જો પાર્ટી અલ્પેશ લિંબાચીયાને ચૂંટણીમાં ટિકિટ આપશે અથવા અમારી રજૂઆતોને ધ્યાને નહીં લેવામાં આવે, તો હું પક્ષમાંથી રાજીનામું આપી દઈશ.”

બીજી તરફ, આ વિવાદના કેન્દ્રમાં રહેલા અલ્પેશ લિંબાચીયા હાલ મીડિયાથી અંતર જાળવી રહ્યા હોય તેવું જણાય છે. અમારા પ્રતિનિધિ દ્વારા સંપર્ક કરવાનો પ્રયાસ કરવા છતાં તેમનો ફોન સતત સ્વીચ ઓફ આવી રહ્યો છે. લિંબાચીયા હાલ કોઈ પણ વિવાદિત નિવેદનથી બચવા માટે ભૂગર્ભમાં ઉતરી ગયા છે.



**અલ્પેશ લિંબાચીયા ‘રહસ્યમય વાપસી’**

વિરોધના સૂર વચ્ચે અલ્પેશ લિંબાચીયા મૌન અને મીડિયાથી અંતર ઘણું બધું કહી જાય છે. શું આ મૌન કોઈ મોટી રાજકીય રણનીતિનો ભાગ છે કે પછી ‘ગોડફાધર’ના ઈશારે ખેલાઈ રહેલી શાંત ચાલ?

**નિલેશ રાઠોડ ‘અડગ અને આક્રમક’**

પક્ષના નિર્ણય સામે પોતાની સૈદ્ધાંતિક લડાઈ લડતા રાઠોડે સાફ કરી દીધું છે કે ગદ્દારી સામે કોઈ બાંધછોડ નહીં થાય. જે દર્શાવે છે કે તેમના માટે પદ કરતાં સ્વાભિમાન અને કાર્યકરોનો વિશ્વાસ સર્વોપરી છે.

### વડોદરાના રાજકારણમાં ભીષ્મ પિતામહોને આરામ, યુવા શક્તિને કમાન્ડ!

# સેન્સ પ્રક્રિયા વચ્ચે ભાજપનો ‘માસ્ટર પ્લાન’ લીક સંગઠનના હોદ્દેદારોના સગાને ટિકિટ નહીં મળે

**શહેર** પ્રમુખે વાયરલ પત્રિકાના કડક માપદંડો પર મારી મહોર

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ વચ્ચે ભાજપના આંતરિક વર્તુળોમાંથી ઉમેદવારો માટેના માપદંડો દર્શાવતી એક પત્રિકા સોશિયલ મીડિયા પર વાયરલ થતા રાજકીય માહોલ ગરમાયો છે. પક્ષના જ કોઈ કાર્યકર દ્વારા લીક થયેલી આ પત્રિકામાં વયમર્યાદા અને ટર્મ મર્યાદાના કડક નિયમો દર્શાવવામાં આવ્યા હોવાથી અનેક દાવેદારોમાં ચિંતાનો માહોલ ઊભો થયો છે.



વાયરલ પત્રિકા મુજબ ભાજપે આ વખતે ‘નો-રિપીટ થીયરી’ને આગળ ધપાવતા યુવા ઉમેદવારોને પ્રાધાન્ય આપવાનો નિર્ણય કર્યો છે. જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે 60 વર્ષથી વધુ વયના દાવેદારોને ટિકિટ આપવામાં નહીં આવે. ઉપરાંત, સતત ત્રણ ટર્મથી કોર્પોરેશનમાં રહેલા સભ્યોને પણ આ વખતે તક નહીં આપવામાં આવે. આ માહિતી ફેલાતા વર્ષોથી પદ પર રહેલા નેતાઓમાં ચિંતા ફેલાઈ છે.

પત્રિકામાં સગાવાદ સામે પણ કડક વલણ અપનાવવામાં આવ્યું છે. પાર્ટીના સંગઠનમાં હોદ્દા ધરાવતા નેતાઓના કોઈપણ સગા-સંબંધીઓને ટિકિટ આપવામાં નહીં આવે તેવો નિયમ જાહેર કરવામાં આવ્યો છે. જેના કારણે અનેક નેતાઓ, જેઓ પોતાના પરિવારજનો માટે ટિકિટની માંગણી કરી રહ્યા હતા, તેમની આશાઓને ઝટકો લાગ્યો છે.

આ મામલે વડોદરા ભાજપ પ્રમુખે જણાવ્યું હતું કે પાર્ટીમાં ઉમેદવારી માટેના માપદંડ પહેલેથી નક્કી કરાયેલા છે. 60 વર્ષથી વધુ વય, ત્રણ ટર્મ પૂર્ણ કરનાર અને હોદ્દેદારોના સગાઓને ટિકિટ નહીં આપવાનો નિર્ણય સંગઠનની શિસ્ત અને પારદર્શિતા માટે લેવામાં આવ્યો છે.

સેન્સ પ્રક્રિયાના પ્રારંભિક તબક્કામાં જ આ માપદંડો બહાર આવતા કાર્યકરોમાં ચર્ચા શરૂ થઈ છે. કેટલાક દાવેદારો પોતાની ઉમેદવારી અંગે ફરી વિચારણા કરી રહ્યા છે, જ્યારે યુવા અને પાયાના કાર્યકરોમાં નવા ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ચૂંટણી પંચની ચેતવણી

# ફોર્મ ભરતા પહેલા નિયમો વાંચી લેજો, નહીંતર લડ્યા વગર જ હારી જશો જંગ

**સ્ક્રુટિનીમાં** હવે નહીં ચાલે કોઈની ભલામણ, પારદર્શિતાના નવા માપદંડો સાથે રાજ્ય ચૂંટણી આયોગ સજ્જ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનું બ્યુગલ વાગી ચૂક્યું છે ત્યારે રાજ્ય ચૂંટણી આયોગે ઉમેદવારો માટે અત્યંત કડક અને નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. આ વખતે ચૂંટણી પંચ ‘ઝીરો ટોલરન્સ’ની નીતિ અપનાવી રહ્યું છે, જેમાં ફોર્મ ભરવાની પ્રક્રિયાથી લઈને પ્રચાર સુધીના તમામ તબક્કે નિયમોનું ચુસ્ત પાલન કરવું અનિવાર્ય બન્યું છે. જો કોઈ ઉમેદવાર અજાણતા પણ ભૂલ કરશે અથવા જાણીજોઈને માહિતી છુપાવશે, તો તેની ઉમેદવારી ચકાસણી દરમિયાન જ ગેરલાયક ઠેરવી દેવામાં આવશે.

ચૂંટણી પંચની નવી એડવાઈઝરી મુજબ, ઉમેદવારે પોતાના સોગંદનામામાં મિલકત, શૈક્ષણિક લાયકાત અને સૌથી મહત્વનું એટલે કે ગુનાહિત ઈતિહાસની વિગતોમાં સંપૂર્ણ પારદર્શિતા રાખવી પડશે. જો કોઈ ઉમેદવાર સામે ફોજદારી ગુનો દાખલ થયેલો હોય અથવા કોર્ટમાં કેસ પડતર હોય, તો તેની વિગતો જાહેર કરવી પડશે. અગાઉના કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે ઉમેદવારો નાની વિગતો છુપાવતા હોય છે, પરંતુ હવે પંચ પાસે ઓનલાઈન ડેટાબેઝ હોવાથી આવી વિગતો છુપાવવી અશક્ય બનશે અને પકડાયાના કિસ્સામાં ઉમેદવારી રદ થવા ઉપરાંત કાયદેસરની કાર્યવાહી પણ થઈ શકે છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગુજરાતના વિશેષ કાયદા મુજબ બેથી વધુ સંતાનો ધરાવતા ઉમેદવારો ચૂંટણી લડી શકતા નથી. આ વખતે પંચે આ બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશન અને પંચાયતોના રેકોર્ડ સાથે ક્રોસ-વેરિફિકેશન કરવાની પણ તૈયારી રાખી છે. આ ઉપરાંત, ઉમેદવારના ઘરે શૌચાલય હોવું અને તે કાર્યરત હોવાનું પ્રમાણપત્ર પણ ફરજિયાત કરવામાં આવ્યું છે. વડોદરા અને અન્ય મહાનગરપાલિકાઓના વિસ્તારોમાં ડમી ઉમેદવારો ઊભા રાખવાના વલણ પર રોક લગાવવા માટે ઓળખના પુરાવાઓની પણ કડક ચકાસણી કરવામાં આવશે.

નવી એડવાઈઝરીમાં સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે પણ કડક સૂચનાઓ છે. ફેસબુક, વોટ્સએપ કે ઈન્સ્ટાગ્રામ પર કરવામાં આવતી પેઈડ પોસ્ટનો ખર્ચ ઉમેદવારના સત્તાવાર ચૂંટણી ખર્ચમાં ઉમેરવામાં આવશે. જો કોઈ ઉમેદવાર સોશિયલ મીડિયા પર ઉશ્કેરણીજનક ભાષણ કે ભ્રામક માહિતી ફેલાવશે, તો આચારસંહિતા ભંગ હેઠળ તેની સામે ત્વરિત પગલાં લેવામાં આવશે. ચૂંટણી પંચે વડોદરા સહિતના જિલ્લા કલેક્ટરો અને રિઝલ્ટ ઓફિસરોને આ મામલે વિશેષ ટ્રેનિંગ આપીને સજ્જ કર્યા છે.

### ઉમેદવારો માટે ‘ડેન્જર ઝોન’: આ ભૂલો ફોર્મ રિજેક્ટ કરાવી શકે છે!

ચૂંટણીના મેદાનમાં ઉતરતા પહેલા ઉમેદવારોએ આ બાબતો ખાસ નોંધી લેવી જોઈએ. સોગંદનામાની એક પણ કોલમ ખાલી રાખવી, શૈક્ષણિક લાયકાતના ખોટા પુરાવા રજૂ કરવા, મિલકતની વિગતોમાં વિસંગતતા અથવા સરકારી લેણાં (જેમ કે મિલકત વેરો કે વીજ બિલ) બાકી હોવા જેવી બાબતો તમારી ઉમેદવારી માટે જોખમી સાબિત થઈ શકે છે. પંચે સ્પષ્ટ કર્યું છે કે અધૂરી વિગતોવાળા ફોર્મને સુધારવાની તક આપવાને બદલે સીધા જ રદ કરવામાં આવશે. તેથી, ઉમેદવારી પત્ર ભરતી વખતે કોઈ નિષ્ણાતની સલાહ લેવી હિતાવહ છે, નહીંતર પ્રચાર શરૂ થાય તે પહેલા જ તમે રેસમાંથી બહાર થઈ શકો છો.

# વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીથી આંશિક રાહત : તાપમાન $34.4^0$

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

ઉનાળાના માહોલ વચ્ચે અચાનક વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે.આગામી 10 એપ્રિલ સુધી વાદળછાયા વાતાવરણ વચ્ચે પારો 40 ડીગ્રીથી ઓછો રહે તેવી શકયતા વ્યક્ત કરવામાં આવી છે. શનિવારે શહેરનું મહત્તમ તાપમાન 34.3 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 25.2 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 50 ટકા અને સાંજે 38 ટકા નોંધાયું હતું.

હવામાન વિભાગની તાજી આગાહી મુજબ, આજે રાજ્યના અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. બીજી બાજુ, એક નવી સિસ્ટમના લીધે 7મી તારીખે ફરી વરસાદ પડવાની સંભાવના છે. શનિવારે પણ રાજ્યના ઘણા જિલ્લાઓમાં વરસાદની આગાહી છે. જેમાં આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા સહિતના જિલ્લામા હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. 4 દિવસ બાદ એટલે કે 8 એપ્રિલથી વાતાવરણ ફરી એકવાર સૂકું થઈ જશે.

### મતદાર યાદીમાં નામની પુષ્ટિ કરવા ઉમેદવારોની દોડધામ

# દાવેદારોમાં સર્ટિફિકેટ મેળવવાની હોડ, VMC કચેરીએ સવારથી જ કતારો

**250 અરજીમાંથી 100 પ્રમાણપત્રો ઇશ્યુ કરાયા**

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા મહાનગરપાલિકાની વર્ષ 2026ની સામાન્ય ચૂંટણીની જાહેરાત થતાની સાથે જ શહેરના રાજકીય તાપમાનમાં ધરખમ વધારો થયો છે. ખાસ કરીને વોર્ડ સ્તરે ચૂંટણી લડવા ઈચ્છતા ઉમેદવારોમાં હવે ડોક્યુમેન્ટેશનને લઈને ભારે દોડધામ જોવા મળી રહી છે. શનિવારે વહેલી સવારથી જ શહેરની ચૂંટણી શાખા કચેરી ખાતે દાવેદારો અને તેમના સમર્થકોની ભીડ જામી હતી. ઉમેદવારી ફોર્મ ભરવા માટે અનિવાર્ય એવા ‘મતદાર હોવાના પ્રમાણપત્ર’ મેળવવા માટે દાવેદારો કલાકો સુધી કતારમાં ઉભા રહેલા જોવા મળ્યા હતા.

ચૂંટણી નિયમો મુજબ, કોઈપણ દાવેદારે જે તે વોર્ડમાં ઉમેદવારી નોંધાવવા માટે પોતે તે વિસ્તારના નોંધાયેલા મતદાર હોવાનો પુરાવો રજૂ કરવો પડે છે. આ વખતે મહાનગરપાલિકાની 2026ની મૂળ અથવા પુરવણી મતદાર યાદીમાં સંબંધિત વોર્ડના વિભાગ નંબર 5 માં નામ નોંધાયેલું હોય તેવા દાવેદારોને આ ખાસ પ્રમાણપત્ર આપવામાં આવી રહ્યું છે. આ પ્રમાણપત્રને કારણે ચૂંટણી અધિકારીઓ ઉમેદવારના નામની ચકાસણી ઝડપથી કરી શકશે અને ફોર્મ રદ થવાની શક્યતા નહિવત રહેશે.



ચૂંટણી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, કામગીરીનું ભારણ વધતા સ્ટાફની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં અંદાજે 250 થી વધુ દાવેદારોએ આ સર્ટિફિકેટ માટે અરજી કરી છે, જેમાંથી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરીને 100 જેટલા પ્રમાણપત્રો સફળતાપૂર્વક ઈશ્યુ કરી દેવામાં આવ્યા છે. બાકીની અરજીઓની ચકાસણી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. એક તરફ વહીવટી તંત્ર સજ્જ થયું છે, તો બીજી તરફ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવા મુખ્ય પક્ષોમાં ટિકિટ મેળવવા માટે દાવેદારો લોબિંગ કરી રહ્યા છે. જે દાવેદારોના નામ સંભવિત યાદીમાં છે, તેઓએ કોઈ પણ કાયદાકીય અડચણ ન આવે તે માટે અત્યારથી જ જરૂરી દસ્તાવેજો એકઠા કરવાનું શરૂ કરી દીધું છે. ખાસ કરીને ઓબીસી અનામતની નવી જોગવાઈઓ અને વોર્ડ સીમાંકનને જોતા દાવેદારો કોઈ પણ જોખમ લેવા માંગતા નથી.

# ગુજકેટની પ્રોવિઝનલ આન્સર-કી જાહેર, 8 એપ્રિલ સુધી વાંધા રજૂ કરાશે

**પ્રશ્નની** રજૂઆત સાચી ઠરશે તો ઉમેદવારને તે પ્રશ્ન માટે ભરેલી ફી પરત કરવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.29 માર્ચના રોજ લેવાયેલ ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ ગુજકેટ 2026 ના ગણિત (050), ભૌતિક વિજ્ઞાન (054), રસાયણ વિજ્ઞાન (052), જીવ વિજ્ઞાન (056) ના પ્રશ્નપત્ર સેટ (T.Q.P.) નંબર 1 થી 20 ની ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમના તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રોવિઝનલ આન્સર-કી બોર્ડની વેબસાઇટ www.gseb.org પર મૂકવામાં આવી છે. આ આન્સર-કી અંગે આપની કોઈ રજૂઆત હોય તો આ સાથે સામેલ નિયત નમુનામાં વિષયવાર, માધ્યમવાર, પ્રશ્નદીઠ અલગ-અલગ ફોર્મ ભરી Email ID: gujcetkey@gmail.com ઉપર તા.8 એપ્રિલને બુધવારના રોજ સાંજે 18:00 કલાક સુધી જરૂરી આધારો સાથે મોકલી આપવાની રહેશે. સમયમર્યાદા બાદ અને જરૂરી આધારો સિવાય મળેલ રજૂઆતો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. આન્સર-કી અંગેની રજૂઆત ફક્ત ઈમેઈલ મારફતે સ્વીકારવામાં આવશે. જે માટે પ્રશ્નદીઠ નિયત થયેલ ફી રૂ.500/- ચલણથી એસબીઆઈમાં ભરવાની રહેશે.

ચલણનો નમૂનો આ સાથે સામેલ કરી વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ છે. રજૂઆત સાથે ફી ભરેલ ચલણની નકલ પણ ઈમેઈલ મારફતે અવશ્ય મોકલી આપવાની રહેશે. ભરેલ ફી ના ચલણ સિવાય મળતી કોઈપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. વધુમાં જણાવાયું છે કે જે પ્રશ્નની રજૂઆત કરી છે તે સાચી ઠરશે તો ઉમેદવારને તે પ્રશ્ન માટે ભરેલી ફી પરત કરવામાં આવશે. જેની નોંધ લેશો.

### વડોદરા પાલિકા ચૂંટણીનો ગરમાવો

# ભાજપની સંકલન બેઠક બાદ ‘ઓપરેશન લોટસ’ની તૈયારી, કોંગ્રેસના કિલ્લામાં ગાબડાની શક્યતા

**વોર્ડ દીઠ** 12 નામોની યાદી તૈયાર કરી ‘કમલમ’ મોકલાશે; માજી નગરસેવકોના પત્તાં કપાશે અને યુવાઓને પ્રાધાન્ય મળશે

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી 26 એપ્રિલના રોજ યોજાનારી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા તેજ બનાવવામાં આવી છે. આ ક્રમમાં રવિવારે શહેર ભાજપની એક અત્યંત મહત્વની સંકલન બેઠક યોજાવા જઈ રહી છે, જેમાં ઉમેદવારોના નામો પર આખરી મંથન થશે.

રવિવારની બેઠકમાં મધ્ય ગુજરાત ભાજપના ઝોન પ્રભારી હિતેન્દ્રસિંહ ચૌહાણ, શહેર અધ્યક્ષ ડો. જયપ્રકાશ સોની, સાંસદ અને પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો. હેમાંગ જોશી સહિતના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહેશે. બેઠકમાં દરેક વોર્ડ દીઠ અંદાજે 12 સંભવિત નામોની યાદી તૈયાર કરી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને મોકલવામાં આવશે. 7 એપ્રિલના રોજ ગાંધીનગર ‘કમલમ’ ખાતે મળનારી બેઠકમાં આ નામોમાંથી વોર્ડ દીઠ 4 ઉમેદવારો પર અંતિમ મહોર મારવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ આ વખતે આક્રમક રણનીતિ સાથે મેદાને ઉતરશે. 19 વોર્ડની મોટાભાગની બેઠકો પર નવા અને યુવા ચહેરાઓને તક આપવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે. મહિલા ઉમેદવારોમાં પણ મોટા પાયે ફેરફાર જોવા મળી શકે છે. જોકે, જૂના જોગીઓ પૈકી 7 થી 8 માજી નગરસેવકોને રિપીટ કરવામાં આવે તેવું મનાઈ રહ્યું છે. ચૂંટણી પહેલા વડોદરા કોંગ્રેસમાં મોટા ભંગાણના એંધાણ વર્તાઈ રહ્યા છે. ચર્ચા છે કે ભાજપ ટૂંક સમયમાં ‘ઓપરેશન લોટસ’ પાર પાડશે, જેમાં કોંગ્રેસના 4 જેટલા માજી નગરસેવકો કેસરીયો ધારણ કરી શકે છે. કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણ અને નેતાગીરી સામેના અસંતોષને કારણે ભાજપ આ સ્થિતિનો લાભ લેવા તૈયાર છે. ઉલ્લેખનીય છે કે, ભાજપમાં ટિકિટ મેળવવા માટે દાવેદારોની સંખ્યા 1434 સુધી પહોંચી છે, જે પક્ષની મજબૂત સ્થિતિ અને કાર્યકરોનો ઉત્સાહ દર્શાવે છે. પ્રદેશ નેતાગીરીએ સ્પષ્ટ કર્યું છે કે ‘મારો એ સારો નહીં, પણ જે સારો હોય તે મારો’ના સૂત્ર સાથે માત્ર સક્ષમ અને જીતી શકે તેવા ઉમેદવારોને જ ટિકિટ આપવામાં આવશે. ગત ટર્મમાં ભાજપે 76 માંથી 69 બેઠકો જીતીને જંગી બહુમતી મેળવી હતી, જ્યારે કોંગ્રેસ માત્ર 7 બેઠકો પર સમેટાઈ ગઈ હતી. આ વખતે ભાજપ પોતાનો ગ્રાફ વધુ સુધારવા માટે અત્યારથી જ એક્શન મોડમાં આવી ગયું છે.

### 1.12 કરોડના કૌભાંડની તપાસ તેજ : પુરાવા એકત્ર કરવાની કામગીરી શરૂ

# ચૂંટણી પૂર્વે પક્ષપલટો કરનાર પૂર્વ કોર્પોરેટરો પર વિજિલન્સની તલવાર

**પક્ષ** પલટીને કોંગ્રેસમાં ગયેલા આશિષ જોષી, પારુલબેન પટેલ અને પૂનમબેન શાહ વિરુદ્ધ મ્યુનિસિપલ કમિશનરના કડક આદેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા મહાનગરપાલિકાની આગામી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે શહેરના રાજકીય ફલક પર મોટો ખળભળાટ મચી ગયો છે. તાજેતરમાં જ ભાજપનો કેસરિયો ત્યાગીને કોંગ્રેસમાં જોડાયેલા વોર્ડ નંબર 15ના પૂર્વ કોર્પોરેટરો આશિષ જોષી, પારુલબેન પટેલ, પુનમબેન શાહ સામે 1.12 કરોડના કથિત કૌભાંડની વિજિલન્સ તપાસના આદેશ છૂટતા ખળભળાટ મચ્યો છે. મ્યુ. કમિશનરના આ કડક વલણને પગલે રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

**સત્તાની સાઠમારી કે પાપનો ઘડો ભરાયો?**

વડોદરાના રાજકારણમાં ચર્ચા છે કે, જ્યાં સુધી આ નેતાઓ ભાજપમાં હતા ત્યાં સુધી તમામ કામો ‘વિકાસ’ ગણાતા હતા, પરંતુ કોંગ્રેસનો હાથ પકડતા જ 1.12 કરોડનું કૌભાંડ સપાટી પર આવ્યું છે. શું આ ખરેખર વહીવટી તપાસ છે કે પછી ચૂંટણી પહેલા પક્ષપલટુઓને પાઠ ભણાવવાની રાજકીય ચાલ? આ પ્રશ્ન અત્યારે વડોદરાના મતદારોમાં ચર્ચાનો વિષય બન્યો છે. તપાસના અંતે જો પુરાવા સાચા ઠરશે, તો ચૂંટણીના પરિણામો પર તેની સીધી અસર જોવા મળી શકે છે.

મળતી માહિતી મુજબ, વોર્ડ નંબર 15માં વિકાસના કામોના નામે મોટાપાયે નાણાકીય અનિયમિતતા આચરવામાં આવી હોવાની ફરિયાદો ઉઠી હતી. ખાસ કરીને વેટમિક્સ, રસ્તાઓ પર માટી પુરાણ અને અન્ય બાંધકામ સંબંધિત પ્રોજેક્ટ્સમાં કાગળ પર કામ બતાવીને અથવા હલકી ગુણવત્તાનું કામ કરીને લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરાયાના આક્ષેપો થયા છે. વિજિલન્સ વિભાગે આ મામલે ફાઈલો કબજે કરવાની અને પુરાવા એકત્ર કરવાની તજવીજ શરૂ કરી દીધી છે. રાજકીય પંડિતો માની રહ્યા છે કે ચૂંટણીના ટાણે જ આ તપાસ શરૂ થતા પક્ષપલટો કરનારા નેતાઓની મુશ્કેલીમાં ધરખમ વધારો થઈ શકે છે. કોંગ્રેસમાં જોડાયા બાદ આ નેતાઓ પોતાની મજબૂત પકડ જમાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ હવે ભ્રષ્ટાચારના આક્ષેપોને કારણે તેમને જનતાના દરબારમાં જવાબ આપવો ભારે પડશે. વિપક્ષ આ તપાસને રાજકીય કિન્નાખોરી ગણાવી રહ્યો છે, જ્યારે શાસક પક્ષ ભ્રષ્ટાચાર સામે ‘ઝીરો ટોલરન્સ’ની વાત કરી રહ્યો છે.

### વોર્ડ નં. 12માં સૌથી વધુ 103 દાવેદારો સાથે રસાકસી

# OBC અનામતની અસર: પછાત વર્ગના 338 કાર્યકરો મેદાનમાં

**999 પુરુષ** અને 435 મહિલાઓ રેસમાં; હવે હાઈકમાન્ડ કોના પર ‘કાતર’ ફેરવશે અને કોને ‘લોટરી’ લાગશે તેના પર સૌની નજર

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા મહાનગરપાલિકાની આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે સત્તાધારી પક્ષ ભાજપમાં ટિકિટ મેળવવા માટે દાવેદારોનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો છે. સેન્સ પ્રક્રિયાના અંતે સામે આવેલા સત્તાવાર આંકડા મુજબ, શહેરના 19 વોર્ડમાં કુલ 1434 કાર્યકરોએ દાવેદારી નોંધાવી છે. સરેરાશ જોતા, મનપાની દરેક એક બેઠક માટે 19 જેટલા ઉમેદવારો વચ્ચે આંતરિક સ્પર્ધા જામશે, જે પક્ષના મોવડીમંડળ માટે પસંદગીની પ્રક્રિયાને જટિલ બનાવશે.

**ભાજપ: દાવેદારોનું ફાઈનલ વિશ્લેષણ**

| | |
|---|---|
| 1434 | કુલ દાવેદારો |
| 999 | કુલ પુરુષ ઉમેદવારો |
| 435 | કુલ મહિલા ઉમેદવારો: |
| 896 | સામાન્ય કેટેગરી |
| 338 | પછાત વર્ગ (OBC) કેટેગરી |
| 173 | અનુસૂચિત જાતિ (SC) કેટેગરી |
| 27 | અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરી |

આ વખતે ચૂંટણીમાં પ્રથમ વખત 27% ઓબીસી અનામત અમલી બનતા પછાત વર્ગના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. કુલ 338 ઓબીસી દાવેદારોએ પોતાની દાવેદારી રજૂ કરી છે. બીજી તરફ, મહિલા સશક્તિકરણની ઝલક પણ આંકડાઓમાં દેખાય છે, જેમાં કુલ 435 મહિલાઓએ મનપામાં પ્રતિનિધિત્વ મેળવવા ઉત્સુકતા દર્શાવી છે. જનરલ કેટેગરીમાં સૌથી વધુ 896 ઉમેદવારોએ ટિકિટની માંગ કરી છે.

શહેર ભાજપ દ્વારા આ તમામ નામોનું સ્ક્રિનિંગ કર્યા બાદ લિસ્ટ હાઈકમાન્ડને મોકલવામાં આવશે. ગત ચૂંટણીની ગાઈડલાઈન મુજબ જૂના જોગીઓ પર કાતર ફરે છે કે નવા ચહેરાઓને તક મળે છે તે જોવું રહ્યું.

# આરટીઈ હેઠળ પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની શરૂઆત

પ્રવેશ પ્રક્રિયામાં વાલીઓ જે તે સ્કૂલમં સવારની અને બપોરની એમ બે પૈકીની એક અનુકુળ શિફ્ટ પસંદ કરી શકશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

શૈક્ષણિક વર્ષ 2026-27 માં આરટીઈ હેઠળ પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયાનો તા.4 એપ્રિલથી પ્રારંભ થયો છે. જે આગામી તા.17 એપ્રિલ રાત્રીના 12 કલાક સુધી ભરી શકાશે. આરટીઈ હેઠળ કુલ 13 કેટેગરીના બાળકોને અગ્રતાક્રમમાં મેરિટ મુજબ પ્રવેશ અપાય છે.

ચાલુ વર્ષની પ્રવેશ પ્રક્રિયામાં આંગણવાડીના બાળકો માટેનો અગ્રતા ક્રમાંક 9થી 11 કરાયો છે. જેના કારણે એસસી, એસટી, ઓબીસી-ઈડબલ્યુએસ કેટેગરીને અગ્રતા મળશે. પ્રવેશમાં વડોદરા સહિતની રાજ્યની સ્કૂલોમાં આરટીઈ હેઠળની 25 ટકા પ્રવેશ પ્રક્રિયામાં વાલીઓ જે તે સ્કૂલમં સવારની અને બપોરની એમ બે પૈકીની એક અનુકુળ શિફ્ટ પસંદ કરી શકશે. શિક્ષણ નિયામક દ્વારા 2025-2026 ના વર્ષ માટે વડોદરા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના બાળકોના વાલીઓને માટે વાર્ષિક આવકની મર્યાદા 6 લાખની કરાઈ હતી. અગાઉના વર્ષોમાં ધોરણ 1 માટે ગ્રામ્ય વિસ્તાર માટે 1.20 લાખ રૂપિયા અને શહેરી વિસ્તાર માટે 1.50 લાખની આવક મર્યાદા હતી. આરટીઈ હેઠળ ગુજરાત સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયામાં આ વર્ષે રાજ્યની 9709 ખાનગી સ્કૂલોમાં ધોરણ 1માં 25 ટકા બેઠકો મુજબ 84,228 બેઠકો છે. જેમાં ગુજરાતી માધ્યમની 41411, અંગ્રેજી માધ્યમની 40262 અને હિન્દી માધ્યમની 2235 અને અન્ય માધ્યમની 320 બેઠકો છે. પાળી પદ્ધતિમાં ચાલતી 56 સ્કૂલો છે. સવાર-બપોર પાળીનો પણ વાલીને આ વર્ષે અલગથી વિકલ્પ મળશે.

# ‘આપ’માં ટિકિટનો ટકરાવ: “5 લાખ આપો તો જ ટિકિટ મળશે” નાઝીમ પઠાણનો વિસ્ફોટક આક્ષેપ

**TP-13** ચાર રસ્તા પર હાઈવોલ્ટેજ ડ્રામા: વિરોધ કરવા નીકળેલા કાર્યકરની ફતેગંજ પોલીસે અટકાયત કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરામાં સ્થાનિક સ્તરે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. આમ આદમી પાર્ટી માં આંતરિક જૂથવાદ અને ટિકિટ વહેંચણીને લઈને નારાજગી સપાટી પર આવી છે. પક્ષના જ કાર્યકર નાઝીમ પઠાણે ટિકિટ ન મળતા શહેરના જાહેર માર્ગ પર ઉતરી આવી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેને પગલે પોલીસે તેમની અટકાયત કરી હતી.



મળતી માહિતી મુજબ, આમ આદમી પાર્ટીના કાર્યકર નાઝીમ પઠાણ આગામી ચૂંટણીમાં ટિકિટની અપેક્ષા રાખી રહ્યા હતા. જોકે, પક્ષ દ્વારા તેમને ટિકિટ ન આપવામાં આવતા તેમણે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. પોતાની આ નારાજગી દર્શાવવા માટે તેઓ શહેરના TP-13 ચાર રસ્તા પાસે સમર્થકો સાથે વિરોધ પ્રદર્શન કરવા પહોંચ્યા હતા. ઘટનાની જાણ થતા જ ફતેગંજ પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે નાઝીમ પઠાણની ધરપકડ કરી હતી.

ચૂંટણી પહેલા જ ‘આપ’ના કાર્યકર દ્વારા લગાવવામાં આવેલા ભ્રષ્ટાચારના આ આક્ષેપોને કારણે રાજકીય આલમમાં ચર્ચાઓ જાગી છે. એક તરફ પક્ષ ભ્રષ્ટાચાર મુક્ત શાસનની વાત કરે છે, ત્યારે બીજી તરફ પોતાના જ કાર્યકર દ્વારા ટિકિટ માટે નાણાં માંગવાના આક્ષેપ થતા પક્ષની છબી ખરડાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હાલમાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન નાઝીમ પઠાણે પક્ષના હોદ્દેદારો સામે સનસનાટીભર્યા આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ”મારી પાસે આમ આદમી પાર્ટીની ટિકિટ આપવા માટે 5 લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. પક્ષમાં નિષ્ઠાવાન કાર્યકરોની અવગણના કરીને નાણાંની લેતી-દેતીને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.”